**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૭૭ ટકા

# તંત્રના તઘલખી નિર્ણય સામે જન આક્રોશ

## સે-૬માંથી ૪૫૦ દબાણો હટાવાયા જે સે-૫/ડીમાં ઉભા થયા : રહેણાંક વિસ્તારમાં ઝુંપડપટ્ટીના દબાણો કાયમી હટાવવાની શહેર વસાહત મહામંડળની માંગણી

ગાંધીનગર, તા.૨

પાટનગરમાં દબાણોની ભરમાર થઈ ગઈ છે. જયાં જૂઓ ત્યાં દબાણો નજરે પડી રહયા છે. જેમાં તાજેતરમાં જ સેકટર-૬ અપનાબજારના ગ્રાઉન્ડમાંથી ૪૫૦ ગેરકાયદેસર દબાણો દુર કરાયા હતા. તે તમામ ઝુંપડાઓ ત્યાંથી તો દુર થયા પરંતુ આ દબાણો સે-૫/ડી ખાતે સીએનજી પેટ્રોલપંપથી કારડીયા રાજપૂત વિદ્યાલય સુધીના જંગલ વિસ્તારમાં ખસેડાઈ ગયા છે. જેનાથી રહેણાંક વિસ્તારના નાગરિકોએ આ દબાણો અહીંયાથી દુર કરવાની માંગણી કરી છે. સેકટર-૬ અપના બજારના ગ્રાઉન્ડમાંથી હટાવવામાં આવેલા ઝુંપડાઓ સે-૫/ડી જંગલ વિસ્તારમાં ખસેડાયા છે. જેમાં દબાણ હટાવો ઝુંબેશ ઠેરના ઠેર માર્ગ મકાન વિભાગ, મહાનગર પાલિકા અને વનવિભાગ દ્વારા દબાણ હટાવવાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગ થઈ રહી છે. રહીશોના જણાવ્યા મુજબ સેકટર-૬માંથી ખસેડીને સે-૫ ખાતે મોકલી આપ્યા તેઓને હટાવી મહાનગરપાલિકાએ સરહદ બહાર મોકલી આપવા જોઈએ અને ઉમેર્યુ હતુ કે હવે સે-૫ વસાહતીઓને અડચણરૂપ થશે તો સરકારમાં રજુઆત કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારી હતી. તંત્ર દ્વારા આ દબાણો અંગે પુનઃઝુબેશ કરી એના એજ કામ વારંવાર કરી પ્રજાના પૈસાનો ધુમાડો કરવામાં આવે તેના કરતાં કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી ગાંધીનગર શહેરના નાગરિકોની માંગણી છે. સેકટર-૫/ડી અને સેકટરે-સેકટરે રહેણાંક વિસ્તારોમાં આવેલા ઝુંપડા તથા અન્ય ઉભા થયેલા તમામ દબાણો હટાવવા માટે માર્ગ મકાન વિભાગ, વનવિભાગ, મહાનગરપાલિકા દ્વારા સંયુકત ઝુંબેશ હાથ ધરી તમામ દબાણો દુર કરાય તે માટે સેકટર-૫ વસાહત મહામંડળના હોદ્દેદારો કેસરીસિંહ બિહોલા, નરેશભાઈ પરમાર, ઘનશ્યામસિંહ ગોલ, વાસુદેવભાઈ સુથાર, જે.વી.પટેલ, વિનોદભાઈ ભટ્ટ, ઈશ્વરભાઈ પ્રજાપતિ વગેરેએ સંયુકત અખબારીયાદીથી સરકારમાં અપીલ સાથે માંગણી કરી છે.





## જન્મદિને વધામણી



ડો. રાજેશભાઈ બી શાહ
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



કનુભાઈ શીવલાલ શાહ
શ્રી વિનય ટ્રેડર્સ
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬



વેન્સી કલ્પેશકુમાર પટેલ



ફૈઝાન
મો. ૯૩૨૭૧ ૩૨૩૮૯



રૂદ્રરાજસિંહ રણવીરસિંહ સોલંકી
મો. ૭૬૯૮૪ ૭૩૫૦૭



પ્રવિણચંદ્ર દોશી
મો. ૯૪૨૭૭ ૦૩૯૩૯

## સરકારી વાણિજ્ય કોલેજના વિદ્યાર્થીઓ મુંદ્રા ઔદ્યોગિક વિસ્તારની મુલાકાતે





ગાંધીનગર, તા.૨

સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ અદાણીના ઉડાન ફાઉન્ડેશન દ્વારા અદાણી બિઝનેસ સાઈટ્સ મુન્દ્રાની ઔદ્યોગિક મુલાકાતે ગયેલ હતા. જેમાં ૭૫ વિદ્યાર્થીઓ અને ૫ અધ્યાપકો જોડાયા હતા. વિદ્યાર્થીઓએ અદાણી મુન્દ્રા પોર્ટ, અદાણી વિલ્મર લિમિટેડ અને અદાણી પાવર લિમિટેડની મુલાકાત લઈને ઉત્કૃષ્ટ ઔદ્યોગિક એક્સપોઝર મેળવ્યું હતું. તેઓને આ સંસ્થાઓમાં વ્યવસાયિક કામગીરી વિશે ઝીણવટ પૂર્વક માહિતી આપવામાં આવી હતી. જેનાથી વિદ્યાર્થીઓને ખૂબ જ સારો વ્યવહારુ શિક્ષણનો અનુભવ થયો. ડૉ. એ. એન. સુતરીયાના માર્ગદર્શન હેઠળ ડો.કે.એસ.વ્યાસ, ડો.પ્રતિભા નાયર, પ્રો.જ્યોતિ કારીયા, પ્રો.મનસુખ રાઠોડ અને પ્રો.નિર્મિત રાઠોડે સમગ્ર ઔદ્યોગિક મુલાકાતનું સંકલન કર્યું હતું.

## પીડીપીયુ ખાતે સસ્ટેનેબલ એનર્જી અને ક્લીન ટેક્નોલોજી વિશે આંતરરાષ્ટ્રીય પરિષદ



ગાંધીનગર, તા.૨

પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટીના કેમિકલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગ દ્વારા સંયુક્ત રીતે ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઓન સસ્ટેનેબલ એનર્જી એન્ડ ક્લીન ટેક્નોલોજીનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસના પ્રથમ સત્રમાં કાર્યક્રમની શરૂઆત ડૉ. અનિર્બે ડે અને ડૉ. મીરા કરમતાના પરિચયથી થઈ હતી. આ સત્રના મુખ્ય મહાનુભાવો ડો. જી.ડી. યાદવ, ડો. સ્વપ્રિલ ધારાસકર (એચઓડી, કેમિકલ વિભાગ, પીડીઈયુ), ડો. પ્રઘનેશ ભટ્ટ (એચઓડી ઈલેક્ટ્રિકલ વિભાગ પીડીઈયુ) પ્રોફેસર હતા. કોન્ફરન્સની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી અને ભગવાનના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ ગ્રીન ટેક્નોલોજી અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરતા મુખ્ય એજન્ડાને ધ્યાનમાં રાખીને ડો. સ્વપ્રિલ ધારસકર દ્વારા બ્રીફિંગ આપવામાં આવ્યું હતું. તેમણે કોન્ફરન્સના ઉદ્દેશ્ય પર પ્રકાશ પાડ્યો હતો કે તમામ એન્જિનિયરો, સંશોધકો અને વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ હેઠળ લાવવા અને ટકાઉ ઊર્જાનો ઉપયોગ કરવા માટે નવીન તકનીકોને સમજવા માટે. છેલ્લે તેમણે સમગ્ર વિશ્વમાંથી અને ભારતના વિવિધ ભાગોમાંથી પ્રાપ્ત થયેલા અમૂર્તની સંખ્યા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. મુખ્ય અતિથિ ડૉ. જી.ડી. યાદવને ડાયસ પસાર કર્યો જેમણે અમને કેમિકલ એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના મહત્વ વિશે સમજાવ્યું. તેમણે નેનો ટેકનોલોજીના ક્ષેત્રમાં કેમિકલ એન્જિનિયરોની અદભૂત કામગીરીનું પ્રદર્શન કર્યું. અંતે તેમણે ૨૦૫૦ સુધીમાં ભારતના ચોખ્ખા શૂન્ય કાર્બન ઉત્સર્જનને હાંસલ કરવાના ધ્યેય સાથે તેમનું ભાષણ સમાપ્ત કર્યું. ત્યારબાદ પ્રોફેસર ધવલ પૂજારાને ડાયસ સોંપવામાં આવ્યો, તેમનું વક્તવ્ય ભારતના નાગરિકોને સ્વચ્છ અને પર્યાપ્ત ઈંધણ તકનીકોને સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરવા પર કેન્દ્રિત હતું.

## સરસ્વતી વિદ્યાલયના બાળકોને જાહેર બગીચામાં તાલીમ અપાઈ



ગાંધીનગર, તા.૨

સે-૬માં સરસ્વતી વિદ્યાલયમાં વન-ડે પિકનીકનું આયોજન કર્યું હતું. જેમાં જુકેજી અને સિ.કેજીના બાળકોને ગાર્ડનમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ હિંચકા, નાની ચગડોળ, લપસણી, ઉંચક-નીચકમાં બેસીને આનંદ વ્યક્ત કર્યો હતો. જેમાં કેજી વિભાગમાં શિક્ષિકા બહેનોએ પ્રીતીબેન અને હીનાબેનની સાથે બાળકોએ હિંચકામાં બેસીને આનંદ મેળવ્યો હતો. શાળાના આચાર્ય હિતેન્દ્રસિંહ પરમારે બાળકોને ચોકલેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.



જ્યોતિ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા સાર્વજનિક ગણેશ ઉત્સવ સમિતિના સહયોગથી હલ્દી કંકુ અને વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

## આદીવાડા પ્રા. શાળાનાં બાળકોને શૈક્ષણિક સામગ્રી વિતરિત કરાઈ



ગાંધીનગર, તા.૨

ગાંધીનગરની તથા અન્ય જિલ્લાની કેટલીક વિશિષ્ટ, સરકારી શાળાઓના વિદ્યાર્થીઓને આત્મન ફાઉન્ડેશન અને ઓમકાર ટ્રસ્ટ દ્વારા શિક્ષણ સામગ્રીનું વિતરણ કરી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. ગાંધીનગર વિસ્તારની આદિવાડા સરકારી પ્રાથમિક શાળાના ધોરણ -૧ થી ૫ નાં વિદ્યાર્થીઓને તાજેતરમાં સ્લેટ-પેન, નોટબુક, ફુલ્સકેપ, બોલપેન, બિસ્કીટ, ચોકલેટ વગેરેનું તાજેતરમાં ઓમકાર ટ્રસ્ટના ઉપક્રમે આ વિતરણ થયું હતું. દિવ્યાબેન વરિયા અને પ્રજ્ઞાબેન પટેલ આ વિતરણમાં જોડાયા હતા. શાળાના આચાર્ય મિહિરભાઈ પટેલ અને શિક્ષિકા બહેનોએ સરસ સહકાર આપ્યો હતો. બાળકોએ બાળગીતો ગાઈ આનંદ વ્યક્ત કર્યો હતો.

## સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા શિવમહિમ્નના પાઠ



ગાંધીનગર, તા.૨

સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા પાંખ દ્વારા શ્રાવણ માસમાં શિવ મહિમ્ન અને રૂદ્રાભિષેકના પાઠ કરવાની પરંપરા છેલ્લા ઘણા વર્ષોથી અવિરતપણે ચાલતી આવી છે. જેમાં સમાજના અલગ અલગ પરિવારોના ઘરે જઈ પ્રતિદિન ઉત્સાહી મહિલા પાંખની બહેનો શિવ મહિમ્નના પાઠ કરતી હોય છે. શ્રાવણ માસનું શિવસંપ્રદાયમાં અનેરૂ મહત્વ હોય છે. ભગવાન શિવની આરાધના અને ભક્તિનું પર્વ એટલે પવિત્ર શ્રાવણ માસ. સમસ્ત બ્રહ્મ સમાજ મહિલાપાંખની બહેનો દ્વારા આ વર્ષે પણ શ્રાવણ માસ દરમિયાન ઘરે ઘરે જઈ શિવ મહિમ્નના પાઠ કરી શ્રાવણ માસ દરમિયાન શિવલીંગ પર વિશેષ અભિષેક સાથે પૂજા અર્ચના કરી હર્ષોલ્લાસ અને ભક્તિસભર માહોલમાં ભવ્ય રીતે શ્રાવણ માસમાં શિવજીની આરાધના શિવ મહિમ્નના પાઠથી કરેલ જેથી શ્રાવણ માસમાં ધાર્મિક મહત્વની પ્રેરણા દરેકને મળી રહે છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન મહિલા પાંખ કારોબારીની બહેનોનો સાથ સહકાર અવિરતપણે મળતો રહયો હતો.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી




અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત ગુજરાતી વિભાગ દ્વારા કવિ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો.એમ.એમ. ચૌધરીએ ઝવેરચંદ મેઘાણીની જીવન ઝરમર અને તેના કાવ્યોનું મુક્તકંઠે ગાન કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડયું હતું. લોકસાહિત્યકાર મેઘાણી વિશે ગુર્જરપ્રેમીએ તો સંપાદક મેઘાણી વિશે ચૌધરી રીયાએ વાત કરી હતી. યુગવંદના કાવ્યોમાંના લોકપ્રિય કાવ્યોનું ગાન સંધ્યા કણઝારીયા, જાગૃતિ વાળંદ અને અન્યએ ગાન કરી શ્રધ્ધાંજલિ આપી હતી. રઢીયાળી રાતમાંથી ગુજરાતી વિભાગના અધ્યાપક મુન્નાબેન ચૌધરી, ડો.ઉર્મિલાબેન ચૌધરી અને લીના સ્વાદીયાએ પ્રસંગોચિત કાવ્યગાન કરીનો મેઘાણીને સાહિત્યિક શ્રધ્ધાંજલિ અર્પી હતી. પહાડના આ બાળકની જન્મજયંતિની ઉજવણીમાં લગભગ ૩૫૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

## આર.એન.શાળાના વિદ્યાર્થીઓ ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે



ગાંધીનગર, તા.૨

શ્રીમતી આર. એન પટેલ પ્રાથમિક શાળામાંથી સહઅભ્યાસિક શૈક્ષણિક પ્રવૃત્તિના ભાગરૂપે ધોરણ-૩ના ૧૦૫ વિદ્યાર્થીઓ અને ચાર શિક્ષકોએ ઈન્દ્રોડા પાર્કની મુલાકાત લીધી હતી. ઈન્દ્રોડા પાર્ક ના અધિકારી દ્વારા વિદ્યાર્થીઓને પ્રાણી-પક્ષીની સ્વચ્છતા અને જાળવણીનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાળકોએ ડાયનાસોરના જીવાવશેષ કુતુહલતાપૂર્વક નિહાળ્યા હતા. ત્યારબાદ બાળકોને સરિતા ઉદ્યાનમાં લઈ ગયા ત્યાં ચાર દીવાલોની બહાર કુદરતી વાતાવરણનો આનંદ મળ્યો તેમજ જુદી જુદી રાઈડ્સ અને રમતોના સાધનોની મજા માણી હતી. આ મુલાકાતથી વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રેમ અને પર્યાવરણની જાળવણી તથા સ્વચ્છતા લક્ષી પાઠ શીખવા મળ્યો.

## સપ્ટેમ્બરની પુસ્તક પરબ રવિવારે બલરામ મંદિરમાં

ગાંધીનગર, તા.૨

ગાંધીનગરમાં છેલ્લાં આઠ વર્ષથી ચાલતી પુસ્તક પરબ દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવે છે. સપ્ટેમ્બર માસની પુસ્તક પરબ બલરામ મંદિર, ઉમિયા મંદિર પાસે, સેક્ટર - ૧૨, ગાંધીનગરમાં તા. ૪ - ૯- ૨૦૨૨ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન યોજાશે. પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ બે પુસ્તક / સામયિક વાંચવા લઈ જઈ શકશે. પુસ્તક પરબ માટે શિષ્ટ સાહિત્યના પુસ્તકો ભેટ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. ધાર્મિક, વિવિધ સંપ્રદાયની પુસ્તિકાઓ, ધાર્મિક સામયિકો પરબ માટે સ્વીકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવા ખાસ જણાવાયું છે. સાહિત્યિક સામયિકો, એ પણ છેલ્લા એક - બે વર્ષના હશે તો સ્વીકારવામાં આવશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ નિઃશુલ્ક ચલાવવામાં આવે છે. શિષ્ટ સાહિત્ય વાચન અને માતૃભાષા ગૌરવના પ્રસાર હેતુ આ પુસ્તક પરબ પ્રવૃત્તિ યોજવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા વિનંતી છે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.સોનેજી પરસોત્તમદાસ મોતીલાલ** ઉ.વ.૭૮, બોરીજ
- **સ્વ.ચાવડા તખતસિંહ જવાનસિંહ** ઉ.વ.૭૮, પેથાપુર

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.પટેલ કાન્તીલાલ નરસિંહદાસ** ઉ.વ.૪૩, સરગાસણ
- **સ્વ.મહેતા ઈલાબેન વિષ્ણુપ્રસાદ** ઉ.વ.૭૦, સેકટર-૪